# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૬-A તા.૨૪-૦૧-૨૦૨૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, બોડકદેવ ખાતે તા.૨૮-૦૧-૨૦૨૫ના રોજ યોજાનાર કાર્યક્રમો અંગે.

આથી તમામ મ્યુનિ. શાળાના તમામ માધ્યમના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે પરિપત્ર નં. ૭૩ અંતર્ગત પરીશિષ્ટ-૫ માટે "પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ,બોડકદેવ,અમદાવાદ" ખાતે તા.૨૮-૦૧-૨૦૨૫ના રોજ સવારે ૭-૩૦કલાકે નીચે મુજબનાં કાર્યક્રમો યોજાનાર છે. જેમાં ભાગ લેવા માટે તમામ શાળાઓને શાળા દીઠ નીચે મુજબનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો બિનચૂક રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

આ કાર્યક્રમમા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા કેટલાક વૈશ્વિક રેકોર્ડ સ્થાપવામાં આવનાર છે. આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને નીચેની સૂચનાઓનું ચૂસ્ત પાલન થાય તે સુનિશ્ચિત કરશે.

૧. દરેક શાળાઓએ નીચેની વિગત અનુસાર જણાવેલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સવારે ૭-૩૦ કલાક (મોડા માં મોડા ૮-૦૦ કલાક સુધી) ઉપસ્થિત રાખવા.

તમામ માધ્યમની શાળાઓ માટે

| ક્રમ | શાળાનો પ્રકાર | ધોરણ | સ્પર્ધાનું નામ | હાજર રાખવાના વિદ્યાર્થીઓની સંખ્યા | વિદ્યાર્થીઓને લઇને આવનાર શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | બાલવાટીકા ધો- ૩ થી ધો ૮ની શાળામાંથી | ૬ થી ૮ | પૃથ્વીના પ્રવાસે | ૩ વિદ્યાર્થી | સામાજીક વિજ્ઞાન અથવા પર્યાવરણના એક શિક્ષક |
| | | ૫ | નકશાની સફરે | ૩ વિદ્યાર્થી | |
| | | ૬ થી ૮ | શબ્દ શોધ સ્પર્ધા : ગુજરાતી જોડણીકોશ | ૩ વિદ્યાર્થી | ભાષાના એક શિક્ષક |
| | | ૬ થી ૮ | શબ્દ શોધ સ્પર્ધા : અંગ્રેજી જોડણી કોશ | ૩ વિદ્યાર્થી | |
| | | કુલ | | ૧૨ વિદ્યાર્થી | ૨ શિક્ષક |
| ૨ | માત્ર ધો.૬ થી ૮ની શાળાઓમાંથી | ૬ થી ૮ | પૃથ્વીના પ્રવાસે | ૩ વિદ્યાર્થી | સામાજીક વિજ્ઞાન અથવા પર્યાવરણના એક શિક્ષક |
| | | ૬ થી ૮ | શબ્દ શોધ સ્પર્ધા : ગુજરાતી જોડણી કોશ | ૩ વિદ્યાર્થી | ભાષાના એક શિક્ષક |
| | | ૬ થી ૮ | શબ્દ શોધ સ્પર્ધા : અંગ્રેજી જોડણી કોશ | ૩ વિદ્યાર્થી | |
| | | કુલ | | ૯ વિદ્યાર્થી | ૨ શિક્ષક |
| ૩ | માત્ર બાલવાટીકા-૩થી ધો.૫ ની શાળાઓ માંથી | ૫ | નકશાની સફરે | ૩ વિદ્યાર્થી | પર્યાવરણનાએકશિક્ષક |
| | | કુલ | | ૩ વિદ્યાર્થી | ૧ શિક્ષક |

૨. ચારેય સ્પર્ધાના વિદ્યાર્થીઓ અલગ અલગ જ રાખવાના રહેશે. એટલે કે એક વિદ્યાર્થી બીજી સ્પર્ધા માટે ભાગ નહી લે.

૩. તમામ શાળાઓએ હોલ ઉપર પહોંચવા માટે

- પહેલેથી જ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદનું લોકેશન જાણી લેવું.
- તમારા આવવા-જવા માટેનું સાધન નક્કીકરવું.
- બાળકને વાલી કેટલા વાગે તમારી શાળામાં મોકલે.
- તમારી શાળાથી હોલ સુધી પહોંચવા માટે લાગવાનો અંદાજિત સમયની પહેલેથી જ ગણતરી કરી લેવો.
- હોલ પર સવારે મોડામાં મોડા ૮-૦૦ કલાક સુધી પહોંચવાનું સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

૪. તમામ વિદ્યાર્થીઓ પોતાની શાળાના યુનિફોર્મમાં જ આવશે.

૫. વિદ્યાર્થીઓને લઈને આવનાર શિક્ષકશ્રીઓ આઈ-કાર્ડ પહેરીને આવશે.

૬. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ પોતાની તથા વિદ્યાર્થીઓની સુરક્ષા-સલામતીની ખાસ તકેદારી રાખશે.

૭. સમગ્ર ઇવેન્ટ દરમ્યાન વિદ્યાર્થીઓએ બુટ ચંપલ પહેરીને જ રાખવા.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૮. વોટરબેગ, પ્લાસ્ટીક થેલી, દફતર, હેન્ડબેગ,પૃથ્વીના ગોળાનું ખાલી બોક્સ વગેરે જેવી કોઈપણ વધારાની ચીજ વસ્તુઓ વિદ્યાર્થીઓ પાસે રાખવી નહી.

૯. પૃથ્વીના પ્રવાસે :

- દરેક શાળા દીઠ ત્રણ વિદ્યાર્થીઓ પૃથ્વીનાં ગોળા સાથે આવશે.

૧૦. નકશાની સફરે :

- દરેક શાળા દીઠ ત્રણ વિદ્યાર્થીઓ ગુજરાત રાજકીય નકશા સાથે આવશે.

૧૧. શબ્દ શોધ સ્પર્ધા : ગુજરાતી જોડણીકોષ

- દરેક શાળા દીઠ ત્રણ વિદ્યાર્થીઓ ગુજરાતી જોડણીકોશ સાથે આવશે. રાઈટીંગ પેડ(કાગળના ટેકા માટેનું પાટિયું,) તથા પેન વિદ્યાર્થીએ પોતાની શાળામાંથી લઇને આવવાનું રહેશે.

૧૨. શબ્દ શોધ સ્પર્ધા : અંગ્રેજી જોડણીકોષ

- દરેક શાળા દીઠ ત્રણ વિદ્યાર્થીઓ અંગ્રેજી જોડણીકોશ સાથે આવશે.રાઈટીંગ પેડ(કાગળના ટેકા માટેનું પાટિયું,) તથા પેન વિદ્યાર્થીએ પોતાની શાળામાંથી લઇને આવવાનું રહેશે.

૧૩. ઉપરોક્ત તમામ ચાર સ્પર્ધા નીચેના ક્રમે યોજાશે.

| તારીખ | આગમન અને બેઠકવ્યવસ્થા | અંદાજીત સમય | પ્રવૃત્તિ | સ્થળ |
|---|---|---|---|---|
| 28-01-25 | 7.30 થી 8.00 કલાક | 8.00 થી 9.00 કલાક | 1. શબ્દ શોધ સ્પર્ધા : ગુજરાતી જોડણી કોશ1050 વિદ્યાર્થીઓ<br>2. શબ્દ શોધ સ્પર્ધા : અંગ્રેજી જોડણી કોશ1050 વિદ્યાર્થીઓ | ગ્રાઉન્ડફ્લોરના મોટા હોલમાં |
| | 7.30 થી 8.00 કલાક | 8.00 થી 9.00 કલાક | સ્વચ્છતાશપથ સહી રેકોર્ડ<br>1. પૃથ્વીના પ્રવાસેના 1050 વિદ્યાર્થીઓ<br>2. નકશાની સફરેના 1050 વિદ્યાર્થીઓ | પ્રથમ માળે આવેલ ભોજન હોલમાં |

૧૪. <u>સ્વચ્છતા શપથ સહી રેકોર્ડ માટે:</u>

- સૌપ્રથમ પૃથ્વીના પ્રવાસેના ૧૦૫૦ વિદ્યાર્થીઓ તથા નકશાની સફરેના ૧૦૫૦ વિદ્યાર્થીઓ પ્રથમ માળે આવેલ ભોજન હોલમાં સવારે ૭-૩૦ કલાક થી ૮-૦૦ કલાક દરમ્યાન પોતાનું સ્થાન લઇ લેશે.વિદ્યાર્થીઓના નકશા અને પૃથ્વીના ગોળા ભાષા શિક્ષકને હોલ બહાર આપવામાં આવનાર મોટી બેગમા એકત્ર કરી લેવાના રહેશે જેથી સહી કરતી વખતે વિદ્યાર્થીઓના બન્ને હાથ મુકત રહી શકે.
- પૃથ્વીના પ્રવાસેના ૧૦૫૦ વિદ્યાર્થીઓ તથા નકશાની સફરેના ૧૦૫૦ વિદ્યાર્થીઓ સહી કરીને પોતાના સામાજીક વિજ્ઞાન/પર્યાવરણના શિક્ષકને હોલ બહાર પુન: મળશે અને તેઓ પાસેથી પોતાનો પૃથ્વીનો ગોળો/નકશો મેળવી લેશે.
- શબ્દ શોધ ગુજરાતીનાં ૧૦૫૦ વિદ્યાર્થીઓ તથા શબ્દ શોધ અંગેજીનાં ૧૦૫૦ વિદ્યાર્થીઓ તેમની સ્પર્ધા પૂર્ણ કરીને પોતાની સાથે શબ્દ કોશ રાખીને જ પ્રથમ માળે આવેલ ભોજન હોલમાં સ્વચ્છતા શપથ સહી કરવા જશે.
- સ્વચ્છતા શપથ સહી માટેની માર્કર પેન હોલમાં જ ઉપલબ્ધ છે.
- સામાજીક વિજ્ઞાન/ પર્યાવરણનાં શિક્ષકોએ ૮-૦૦ કલાકે પ્રથમ માળે આવેલ ભોજન હોલમાં સ્વચ્છતા શપથ સહી કરવા જશે. સહી કર્યા પછી હોલ બહાર નીકળીને ભાષા શિક્ષક પાસેથી ગોળા અને નકશા વાળી બેગ પોતે મેળવી લેશે. બેગ આપ્યા પછી ભાષા શિક્ષકો પણ ઝડપથી પ્રથમ માળે આવેલ ભોજન હોલમાં સ્વચ્છતા શપથ સહી કરવા જશે.
- દરેક વિદ્યાર્થી તથા શિક્ષકશ્રીએ કોઈપણ ભાષામાં પોતાની ટૂંકીમાં ટૂંકી સહી ઝડપથી કરવાની રહેશે. આ માટે કાર્યક્રમમાં આવનાર તમારી શાળાનાં વિદ્યાર્થીઓને શાળા ખાતે મોટી માર્કર પેનથી મહાવરો કરાવી લેવો.

નોંધ: ખૂબ ઝડપથી સહી કરીને ૧ કલાકને બદલે શક્યત:ઓછામાં ઓછી મિનિટતથા સેકેન્ડમા વૈશ્વિક રેકોર્ડ સ્થાપવાનો હોઈ પ્રત્યક્ષ સેકન્ડ કિંમતી છે. આથી ઝડપથી હરોળમા ઉભા રહેવું, ઓછી સેકેન્ડમાં સહી કરવી, સહી કર્યા પછી તરત જ નિયત લાઈનમાંથી બહાર નીકળવું, નિયત કરેલ સ્થળે પેન મૂકવી.

૧૫. પાર્કિંગ માટે ઓડિટોરિયમના ભોયરામાં તથા હોલ પહેલાના ચાર રસ્તાની ડાબી તરફ આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનનું પાર્કિંગ પ્લોટમાં વાહન પાર્ક કરવું.

૧૬. વ્યવસ્થા અંતર્ગત અપાતી સૂચનાઓનો ચૂસ્ત અમલ કરવો. કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત તમામ શિક્ષકશ્રીઓ પોતે જ વ્યવસ્થાપક છે તેમ અનુસરવું.

તા.૨૪-૦૧-૨૦૨૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી